| |
|---|
| વાહનની પસંદગીના નંબરોની<br>**Online Auction Process સંબંધિત** |

નં. આઇ.ટી/પસંદગી નંબર/Online Auction/7421
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં.-૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર. તારીખ 12 OCT 2017

# પરિપત્ર

રાજયની મોટર વાહન ખાતાની આવકમાં પસંદગીના નંબરોની આવક ઘણી છે. પસંદગીના નંબરો માટે રાજય સરકાર દ્વારા પરિપત્ર ક્રમાંકઃ- એમવીપી/૧૪૬૨૦૧૨-૯૮/ભાગ-૧/૬૧૩૧ તા. ૧૭.૦૮.૨૦૧૫ ના રોજ પરિપત્રિત વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. આ પરિપત્રની સૂચનાઓ જેવી કે, ગોલ્ડન અને સીલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ, રજીસ્ટ્રેશન-ટેક્ષ, CNA Form, વિગેરે ને મૂળભૂત રીતે યથાવત રાખી વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રીત સગવડનો લક્ષમાં રાખી સરકારશ્રીએ વાહનના નંબરોની હરાજીની પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે Online Auction થી કરવાનું નકકી કરેલ છે. જે અંગે નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

- હરાજીની પ્રકિયા માટે સંબંધિત આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ.શ્રીએ દર માસની ૧૫ તારીખે હરાજીની પ્રકિયા ફરજીયાત ગોલ્ડન અને સીલ્વર નંબર માટે ઓનલાઇન કરવાની પણ રહેશે. બાકી રહેતા ગોલ્ડન અને સીલ્વર નંબરોને પણ ત્યાર પછીના માસની ૧૫ તારીખે ઓનલાઇન હરાજી કરવાની રહેશે. આ હેતુને સિધ્ધ કરવા માટે જે જિલ્લાઓમાં સીરીઝ જલ્દી પૂરી થતી હોય તે માટેની તારીખ જે તે માસની ૧૫મી તારીખ રહેશે. જે જિલ્લાઓમાં વાહનના નોંધણીનું પ્રમાણ ઓછું હોય તે જિલ્લાઓમાં બાકી રહેતા સિલ્વર,ગોલ્ડન નંબરની હરાજી ની પ્રકિયા

પણ જે તે માસની ૧૫મી તારીખે કરવાની રહેશે. જો જાહેર રજા આવતી હોય તો ૧૫ ના બદલે ૧૬મી તારીખે કરવાની રહેશે.

- આમ કરવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે, જાહેર જનતાએ ડીલર, એજન્ટો કે અન્ય સ્થાપિત હિતોના ગોલ્ડન, સિલ્વર અને મનપસંદ નંબર માટે રાહ જોઇને બેસી રહેવું પડશે નહીં. અરજદાર ફેન્સી નંબરોની સીરીઝ માટે સ્વયમ વાકેફ રહેશે. અમદાવાદ, સુરત અને રાજકોટ માટે ટુ-વ્હીલરના કિસ્સામાં દર ૧૫ દિવસે હરાજી કરવાની ખાસ મંજુરી આપવામાં આવે છે. આ જિલ્લાઓમાં હરાજીની તારીખ દર માસની ૧લી રહેશે. અને જો જાહેર રજા હોય તો ત્યારપછીની તારીખ રહેશે.
- ઓનલાઇન ઓકશન એ Dynamic Auction Process રહેશે. એટલે કે, અરજદારને વેબસાઇટ પર Offer Price હરાજીની પ્રકિયા દરમ્યાન વખતોવખત હરાજીની રકમમાં (+) ઉમેરો કરી શકશે. હાલની One Time Bidding Process જેમ એક જ વખત Bid Process કરશે નહીં. આમ, Dynamic Auction Process સાચા અર્થમાં ઓકશનનો હેતુ ઇ-ઓકશન થી ચરિતાર્થ થશે.

ઓનલાઇન હરાજીની પ્રકિયામાં મુખ્ય ચાર Stake Holders જોવા મળે છે.

(૧) વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

(૨) ઇ-ઓકશનમાં ભાગ લેનાર અરજદાર

(૩) પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી

(૪) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા SBIePay તરીકે

Online Auction દરમ્યાન તમામ Stake Holders ની જવાબદારીની વિગતો નીચે મુજબ રહેશે.

(૧) વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની જવાબદારીઃ-

(૧.) SBI બેંકમાં SBI e-payment બેંક એકાઉન્ટ ઓપન કરવું.

(૨.) SBI e-pay અને merchant તરીકે કમિશ્નરશ્રી, વાહન વ્યવહારે એગ્રીમેન્ટ કરવો.

(૩.) SBI e-apyment માટે SBI પાસે એગ્રીમેન્ટ અને ટેકનીકલ ઇન્ટરગ્રેશનની કામગીરી SBI ના પરામર્શમાં પૂર્ણ કરવી.

(૪.) વાહન ૪.૦ ઉપર State Administrator ની નિમણૂંક કરી આર.ટી.ઓ.ની રજુઆત પ્રમાણે સીરીઝ ઓપન કરવી.

(૫.) SBI, NIC અને Cyber Treasury ના પરામર્શમાં સંકલન ની કામગીરી કરવાની રહેશે.

(૨) ઓનલાઇન ઓકશનમાં ભાગ લેનાર અરજદારની જવાબદારીઓઃ-

ઓનલાઇન ઓકશનમાં ભાગ લેનાર અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે. તે માટે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઇ.ડી., પાસવર્ડતૈયાર કરવા, હરાજીની પ્રકિયામાં ભાગ લેવો, ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવવો. આ માટેની વિગતવાર સૂચનોઓ Appendix-A ઉપર આપેલ છે. અરજદારે હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના ૫ (પાંચ) દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમર્યાદામાં નાણાંચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. ઓનલાઇન ઓકશન દરમ્યાન અરજદારે RBI દ્વારા નકકી કરેલ દરે ચાર્જ ચૂકવવાના રહેશે.

- હરાજીમાં નિષ્ફળ ગયેલા અરજદારને પરત નાણાંની ચૂકવણી-

હરાજીની પ્રકિયા માં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન ૫ (પાંચ) માં ભરપાઇ કરવા માટે SMS કે E-mail થી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પધ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના રહેશે. એટલે કે Net Banking, Credit/Debit Card થી ચૂકવણું કર્યું હોય તે જ Mode થી નાણાં અરજદારના તે જ ખાતામાં SBI e-pay

દ્વારા પરત કરવામાં આવશે. આ હેતુ માટે ઓનલાઇન MIS થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી બેંકને જાણ કરવાની રહેશે.

(3) સહાયક/પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી કચેરીની જવાબદારીઃ-

(૧.) State Administrator ને નવી સીરીઝ ઓપન કરવા માટે રીકવેસ્ટ કરવી.

(૨.) અમદાવાદ, સુરત, રાજકોટ સિવાય દર માસની ૧૫મી તારીખે હરાજીની પ્રકિયા કરવી. અમદાવાદ, સુરત, રાજકોટમાં હરાજીની પ્રકિયા દર માસની ૧લી તારીખ રહેશે.

(3.) હરાજી સફળ રીતે પૂર્ણ કર્યા બાદ સફળ ઉમેદવારો/નિષ્ફળ ઉમેદવારો ની MIS SBI e-pay થી મેળવવી. નિષ્ફળ ઉમેદવારોને મેન્યુઅલ નાણાં પરત કરવા બેંક ને જાણ કરવી.

(૪.) હરાજીની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થયા બાદ નીચે મુજબની એકાઉન્ટ માટેની કામગીરી કરવી.

(૧) ઇ-ઓકશન માં સફળ થયેલ અરજદારોની ઓકશનમાં રજુ કરેલ ફી નિયત સદરે જમા થાય તે અંગે ચલણ ભરી **State Bank of India** ને હરાજી પુરી થયાના બીજા વર્કીંગ દિવસે જાણ કરી રકમ સરકારી સદરે જમા થાય તે બાબતે કાળજી રાખવી.

(૨) ઇ-ઓકશનમાં નિષ્ફળ રહેલ અરજદારોની ફી રીફંડ થઇ શકે તે અંગે બેંક ને લેખિતમાં SMS, ઇ-મેઇલ અથવા અન્ય કોઇ રીતે જાણ કરવી.

(3) બેંક તરફથી ઓકશનના દિવસો દરમ્યાન મળતાં MIS મેળવી ઓકશનની કાર્યવાહીથી Update રહેવું.

(૪) ઓકશન પૂર્ણ થયા બાદ બેંક દ્વારા મળેલ MIS રીપોર્ટને આધારે કુલ અરજદારો અને કુલ મળેલ રકમમાંથી